॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ફાગણ વદ - ૩ ● તા. ૩૧-૩-૨૦૨૧ ● બુધવાર SDP NO: 347 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

વિશ્વ ઉમિયા ફાઉંડેશન નવનિર્મિત મધ્યસ્થ કાર્યાલય -મંગલ પ્રવેશ- વિશ્વ ઉમિયાધામ -જાસપુર અમદાવાદ

જગત જનની મા ઉમિયાની અસીમ કૃપાથી વિશ્વ ઉમિયાધામ અમદાવાદના મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ આજરોજ તા. ૨૩/ ૦૩/ ૨૦૨૧ને ધુળેટીના શુભ દિને ૧૧.૦૦ કલાકે રાજયના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વરદ્ હસ્તે સંપન્ન થયો.

આ પ્રસંગે માનનીય કથાકાર શ્રી રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજી, સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી પ્રહલાદભાઈ એ. પટેલ, દિપકભાઈ એમ પટેલ, ડી. એન. ગોલ, વાડીભાઈ પી. પટેલ, ખજાનચી શ્રી કાન્તીભાઈ એન.પટેલ (રામ), ધારાસભ્યશ્રી અરવિંદભાઈ દલાલ, પ્લેટિનમ દાતાશ્રી બાબુભાઈ કે.પટેલ તેમજ પ્રવીણભાઈ એ પટેલ, પ્લાનિંગ કમિટી ચેરમેનશ્રી સુરેશભાઈ પટેલ, લગ્ન કમિટી ચેરમેનશ્રી સાંકળચંદ પટેલ, ઉમા છત્ર કમિટી ચેરમેનશ્રી જયંતીભાઈ લાકડાવાળા વિગેરે હોદેદારશ્રીઓ તેમજ દાતાશ્રીઓ, સમય દાતાશ્રીઓ એવમ્ સંગઠન કમિટીના મિત્રો ની ઉપસ્થિતિ રહી હતી.

આ શુભ અવસરે અને આજના પવિત્ર દિવસે જગત જનની મા ઉમિયાના આશીર્વાદથી શ્રી પરેશભાઈ પટેલે રૂ. ૦૧ કરોડના પ્લેટિનમ દાતાશ્રી તરીકે જોડાવાની જાહેરાત કરતા માન. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ સાહેબે તેમનું સાલ અને ફોટાથી અભિવાદન કર્યું.

આ પ્રસંગે સમાજના ૧૫ સભ્યો ઉમા છત્ર સભ્ય તરીકે જોડાયા. અને માન. કથાકારશ્રી રાજેન્દ્રભાઈ શાસ્ત્રીએ રૂપિયા ૧૧૦૦૦/- ના ભૂમિ દાનનો ચેક અર્પણ કરીને સમાજને એક નવી દિશા આપી છે.

અંતે મા ઉમિયાનો જયઘોષ કરી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના એક હજાર કરોડના પ્રોજેક્ટના લક્ષ્યાંકને પૂર્ણ કરવાની કટિબદ્ધતા સાથે કામ કરવાની ઉપસ્થિત તમામ મિત્રોએ જાહેરાત કરી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ગોલ્ડન દાતાશ્રી રસિકભાઈ પટેલ તેમજ પ્રકાશન તેમજ ઉમા છત્ર કમિટી કો- ચેરમેનશ્રી અનિલભાઈ પટેલે કર્યું હતું.

સૌનો આભાર સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

વિજાપુર યુવા મંડળ, ઉત્તર ગુજરાત રિજીયન. મિસન સ્પોર્ટ્સ

સંયોજકઃ મુકેશ કાલરીયા

વિજાપુર યુવા મંડળ દ્વારા આયોજીત વિજાપુર સુપર લીગ ૨૦૨૧ (VSL2021) ના સફળ આયોજન થકી યુવા મિત્રોને મનોરંજન સાથે સ્પોર્ટ નો આનંદ અને ક્રિકેટનો રોમાંચ આપવા એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવેલ...

આ ટુર્નામેન્ટ માં ૧૦ ટીમોએ ભાગ લીધેલ જેમાં લીગ મેચો રમ્યા બાદ ધુળેટી ના દિવસે સેમિફાઈનલ અને ફાઈનલ રમાડવા માં આવેલ...

ફાઈનલ માં મહેસાણા અને પાટણ ની ટિમ વચ્ચે જબરદસ્ત ટક્કર બાદ પાટણ ની ટિમ વિજેતા થયેલ...

જીવન માં ઉર્જા પૂરું પાડવાનું કાર્ય આ ક્રિકેટ ટુર્નામેન્ટ દ્વારા થયેલ છે... જેના દ્વારા રિજીયન ના યુવાનો ને એકબીજાને મળવા નો, વિચારો આદાન પ્રદાન કરવાનો અને ખેલદીલીની ભાવના ને ઉજાગર કરવાનો મોકો પ્રાપ્ત થયો...

VSL 2021 માં ભાગ લઈ સૌ યુવા કોરોના ને કારણે વ્યતીત થયેલ મંડળ ટિમો એ સંગઠન ની ભાવના ને વધુ મજબૂત કરી છે માટે દરેક ટિમો નો ખૂબ ખૂબ આભાર...

વિજેતા ટિમ પાટણ ને ખૂબ ખૂબ અભિનંદન...

VSL2021 ના આયોજક મિત્રો સાથે વિજાપુર યુવા મંડળ અને ભાગ લીધેલ દરેક ટિમોનો અને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર...

પ્રિય કેકેપી સમાજ સભ્ય

૫૦ વર્ષથી પણ વધુ, આપણાં પૂર્વજ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો આપણા માટે સુવર્ણ આશીર્વાદ છે. ઘણા બધા પડકારો, મહેનતુ પ્રમાણિકતા અને એકબીજાને સહાયક સહાયક પ્રણાલી એ આપણા સમૃદ્ધિ આર્થિક વિકાસનો મોટો પાયો છે.

આ હવે પરિવર્તનશીલ મુસાફરીના આગળના તબક્કા માટે એકરુપ અને સહયોગી દબાણની જરૂર છે. ખાનગી ક્ષેત્રે તેમના વ્યવસાયને ભવિષ્યમાં સાબિતી આપવાની અને વ્યવસાયને ફાયદો પહોંચાડનારા ડિજિટલ સિદ્ધિઓના નવા યુગને ચલાવવા માટે લોકો, નવી ક્ષમતાઓ અને નબળા ઉદ્યોગ - શૈક્ષણિક સહયોગમાં રોકાણ કરવાની જરૂર છે. આપણા સમાજના જરૂરિયાતોને પહોંચી વળવા ટેક્નોલજીને પોસાય અને સ્કેલેબલ બનાવવાની જરૂર છે. આપણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નીતિઓના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જે કેકેપીમાં નવીનતા અને તકનીકી પ્રગતિને ઉત્તેજિત કરશે.

સાથે મળીને, અમે કેકેપી સમુદાય માટે તેજસ્વી, આર્થિક રીતે સમૃદ્ધ, સમાવિષ્ટ અને વિકસિત ભવિષ્યને Unlock કરી શકીએ છીએ.

કેકેપી માર્ટ સાથે તમારા વ્યવસાયની નીઃશુલ્ક નોંધણી કરાવો

URL લિંક .....

https://bit. do/kkpmart

ચાલો Registration નોંધણી દ્વારા ફાળો આપીએ.

આભાર & સાદર

TEAM KKP MART

-: અવસાન નોંધ :-

તારીખ : ૨૯/૦૩/૨૦૨૧ સોમવાર

સ્વ. ગંગાબેન માવજીભાઈ સાંખલા, ઉંમર ૮૧ વર્ષ
હાલે બંદર રોડ વલસાડ, દોલતપર કચ્છ.

સ્વ. રેખાબેન મનસુખલાલ પદમાણી, ઉંમર : ૫૬ વર્ષ,
ગામ : વિથોણ, હાલે : નંદાસણ (મહેસાણા).

તારીખ ૩૦/૦૩૨૦૨૧ મંગળવાર

સ્વ. જેઠાલાલ શિવજીભાઈ ચૌધરી, ઉંમર : ૯૧ વર્ષ,
કચ્છમાં ગામ : ખીરસરા(નેત્રા), હાલે : હૈદરાબાદ.

સ્વ. મરઘાબેન ભાણજીભાઈ ચૌધરી, ઉંમર : ૮૬ વર્ષ,
કચ્છમાં ગામ : ખીરસરા (નેત્રા), હાલે : હૈદરાબાદ.

સ્વ. જમનાબેન નારણભાઈ ભાવાણી, ઉંમર : ૭૫ વર્ષ,
કરછમાં ગામ : રસલીયા, હાલે : અમરોલી (સુરત).

સ્વ. મોહનભાઈ ખીમજીભાઈ ભોજાણી, ઉંમર : ૭૦ વર્ષ,
કચ્છ માં ગામ : વિથોણ, હાલે : નાગપુર (મહારાષ્ટ્ર).

સ્વ. હીરાલાલ હરજીભાઈ છાભૈયાં, ઉંમર : ૫૪ વર્ષ,
કચ્છ માં ગામ : નખત્રાણા, હાલે : રાયપુર, (છત્તીસગઢ).

કકપા નું ટેલેન્ટ એકતા ઉભરતો સિતારો, સ્પોર્ટ્સ ના ક્ષેત્રમાં

નામ એકતા નરેન્દ્ર જીવરાજભાઈ નાથાણી હાલે ઉડપી કર્ણાટક ઉંમર ૧૭ વર્ષ.

આ એકતા ને નાનપણથી જ ક્રિકેટ રમવા નો શોખ હતો અને પરિવાર તરફથી સહકાર મળવાથી ધોરણ સાતથી તેણીએ કોચિંગ ક્લાસમાં જવા નું શરૂ કરી દીધું હતું ત્યાર બાદ ૨૦૧૮ માં અનંડર ૧૪ માં રાજય લેવલે સીલેકશન થયું, બેંગલોર મધ્યે તેમાં તેને ભાગ લીધો હતો તેનાં પછી ૨૦૧૯ માં અંડર ૧૬ માં બીજી વખત ભાગ લીધો હતો તથા આજ વર્ષમાં મેંગલોર જીલ્લા માં અંડર ૧૬ માં ભાગ લીધો હતો. આવી જ રીતે સ્થાનિક ઉડપી મધ્યે ઘણી વખત ક્રિકેટ રમવા જાય છે અને આ રમત માં એને ખુબ રૂચિ છે તેમાં આગળ વધી રહી છે. હાલમાં તા ૨૮/૩/૨૧ ના ઉડપી મધ્યે એક લોકલ ક્રીકેટ ટુર્નામેન્ટના આયોજન માં એકતા ને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રણ મળ્યું હતું તેમાં તેને એ સ્થાન શોભાવ્યું હતું. આમ પરિવારના સાથ અને સહકાર થી નાથાણી પરિવાર નું તથા ઉડપી સમાજ નું ગૌરવ વધારેલ છે તે બદલ એકતા ને ધન્યવાદ સાથે અભિનંદન...

વરજડી કચ્છ માં હોળી પ્રગટાવી ને વોલીબોલ ટુર્નામેન્ટ નું યુવા મંડળ નું આયોજન

વરજડી,
તા. માંડવી-કચ્છ.
તારીખઃ-૩૦/૦૩/૨૦૨૧

સનાતન સંસ્કૃતી એટલે તહેવારોની સંસ્કૃતી દરેક તહેવાર પોત પોતાનું આગવું સ્થાન ધરાવે છે. તેમાં હોળી તહેવાર એટલે રંગો–ઉત્સવોનો તહેવાર હોળી એવા સમયે આવે છે કે, શીયાળો જવા તૈયાર નથી અને ઉનાળો આવવા ઉતાવળો બને છે. (આ સમયગાળો કચ્છ પ્રદેશના સંદર્ભમાં) બંને વચ્ચે જાણે દ્વંદયુદ્ધની તૈયારીઓ સાંજે જાકળીઓ પશ્ચિમી વાયરો ઠંડીની હાજરી પુરાવે તો મોડી રાત્રે ઉતર - ઈસાનથી સુકી હવા ઠંડીને રીતસર ભગાડે અને જેમ સુરજ દાદા ઉપર ચડે તેમ ગરમીની અસર બતાવે. બપોરે રીતસર લુનો અનુભવ થાય. આવા સંક્રામીતક સમયમાં હોલીકા દહન એટલે અસત્ય ઉપર સત્યનો વિજય હોલીકા દહન વખતે પવનની દિશા ઉપરથી આવતા વર્ષના વરસાદના વરતારા પણ કઢાય છે. અને બીજા દિવસે ધુળેટી એટલે રંગોનો તહેવાર "કેસુડા", ખાખરાના ફુલ તો ગોત્યા મળતા નથી. પણ સિન્થેટિક રંગોથી આજની યુવા પેઢી આનંદ લઈ રહી છે. ત્યારે વરજડીવાળા પાછા કેમ પડે. આમ તો પરંપરા મુજબ હોલીકા દહન પછી દેશી રમતો રમાતી પણ હવે હોલીકા દહન પુર્તા ભેગા મલે, મેળવડો કરે અને છુટા પડે પણ આ વખતે વરજડી સનાતન યુવક મંડળે નવું કરવાનું વિચાર્યું તેમા "વોલીબોલ" ટુર્નામેન્ટ રમવાનું નકકી કર્યું. તેથી હોલી દહન બાદ તેના સાત ફેરા લઈ પ્રસાદ વહેંચી "વોલીબોલ" રમવાનું નકકી કરવામાં આવ્યું. તેમાં ચાર ટીમો રમવા માટે ઉતરેલ (૧) શ્રી લક્ષ્મીનારાયણ ટીમ, (૨) ઉમિયા માતાજી ટીમ, (૩) દેવલ માતાજી ટીમ અને (૪) વાછરા દાદા ટીમ ચારે ટીમો વચ્ચે રસાકસી ભરી રમતને અંતે દેવલ માતાજી ટીમ વિજેતા થયેલ. અને રન-અપ વાછરા દાદા ટીમ આવેલ હતી. બેસ્ટ નેટી ભાવેશ છાભૈયા અને બેસ્ટ સર્વિસ મનીષ માવાણીએ વાહ.વાહ મેળવેલ હતી. વિજેતા ટીમના નામ કમલેશ માવાણી,દિલીપ પોકાર, નિખીલ છાભૈયા, મનિષ માવાણી, ભાવેશ છાભૈયા, દિવ્ય પોકાર, તરંગ છાભૈયા. રન-અપ ટીમના નામો હીતેશ છાભૈયા, દિપેશ ભગત, અશ્વિન છાભૈયા, વિનય માવાણી, રાજ ભીમાણી, લવ છાભૈયા, રાજેશ સેંઘાણી. રેફ્રિ તરીકે સુભાષ છાભૈયા, હાર્દીક છાભૈયા અને જીગર છાભૈયાએ સેવાઓ આપી હતી. વરજડી સનાતન પાટીદાર સમાજ તથા મહિલા મંડળ તથા અન્ય ગામના વડીલો સહીત આ ટુર્નામેન્ટને પ્રોત્સાહિત કરવા માટે હાજર રહયા હતા. સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન યુવક મંડળ પ્રમુખ ધીરજ છાભૈયા, મંત્રી યોગેશ માવાણીના માર્ગદર્શન હેઠળ યુવક મંડળના અન્ય સભ્યોએ સંભાળેલ. છેલ્લે નાસ્તાની વ્યવસ્થા નરશી છાભૈયા અને ભાવેશ માવાણી તેમજ યુવક મંડળના પૂર્વ પ્રમુખ મંત્રીઓ સુરેશ ભગત, નવિન માવાણી, એડવોકેટ મુકેશ પોકાર, કિશોર માવાણી વગેરે સંહયોગી રહયા હતા.

સંયોજકઃ
ડાયાલાલ જેઠા માવાણી-વરજડી

વીથોણ માં યુવક મંડળ વાઇબ્રન્ટ બન્યું

શ્રી વિથોણ કડવા પાટીદાર નવયુવક મંડળ દ્વારા ધુળેટી ના દિવસે વિથોણ પાટીદાર ક્રિકેટ ટૂર્નામેન્ટ નું સફળ આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૬ ટીમોએ ભાગ લીધો અને ચાર સેમીફાઈનલ ટીમના ફ્રેન્ચાઈઝી લેવામાં આવ્યા જેમા પટેલ શોપીંગ મોલ-દેવપરની ટીમ વિજેતા અને ઉપાસના વિદ્યાલય-વિથોણ ની ટીમ રનર્સ અપ રહી, ફાઈનલ મેન ઓફ ધી મેચ દિપક નાયાણી બન્યા, મેન ઓફ ધી સિરીઝ ચંદ્રેશ રૂડાણી, બેસ્ટ બેટ્સમેન આયુષ સામાણી અને બેસ્ટ બોલર ની ટ્રોફી અનિલ સુરાણીએ મેળવી. ફાઈનલ ટ્રોફી ના દાતાશ્રી જયસુખભાઈ ડાયાણી (તાલુકા પંચાયત પ્રમુખ-નખત્રાણા) અને રનર્સ અપ ટ્રોફી ના દાતા શ્રીમતિ જયાબેન ચોપડા (જીલ્લા પંચાયત સદસ્યા)રહ્યા, ટુર્નામેન્ટમાં ટીશર્ટના દાતાશ્રી શંકરભાઈ પદમાણી માનકૂવા ટીમ્બર અને ભોજનના દાતા સ્વ.દિનેશભાઈ અબજી નાયાણી પરિવાર રહેલ તેમજ વિવિધ દાતાશ્રી ઓનો પણ સહકાર મળ્યો, આ કાર્યક્રમમાં યુવાસંઘ કચ્છ રિજીયન ના પ્રમુખ છગનભાઈ ધનાણી, પૂર્વ પ્રમુખ શૈલેષભાઈ પોકાર અને ઉપપ્રમુખ શાંતિભાઈ નાકરાણી વિશેષ ઉપસ્થિત રહેલ જેનું વિથોણ યુવક મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું અને તેમના દ્વારા યુવક મંડળની નવ નિયુક્ત કારોબારીને શુભેચ્છા સન્માન કરવામાં આવ્યું, આ કાર્યક્રમને સફળ બનાવવા વિનુભાઈ નાયાણી, સુરેશ સુરાણી, વિપુલ ધોળું, ખુશાલ ધોળું અને ચંદ્રેશ રૂડાણીએ કારોબારી સમિતિ સાથે મળીને કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી, કોમેન્ટેટર તરીકે ભાવિન રૂડાણી અને સ્કોરર તરીકે મહેન્દ્ર સુરાણીએ સેવા આપી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળ ના મંત્રીશ્રી હિતેશ ભગતે કર્યું અને આભાર દર્શન મંડળ ના ઝુઝારુ પ્રમુખ શ્રી શાંતિભાઈ નાયાણી કર્યું.

પુષ્પાંજલિ



સ્વ. ગંગાબેન માવજીભાઈ સાંખલા, ઉંમર ૮૧
બંદર રોડ, વલસાડ.(દોલતપર - કચ્છ) તા. ૨૯/૦૩/૨૦૨૧

શ્રી ક.ક.પા સમાજ વલસાડ-ઉત્તર, જય લક્ષ્મીનારાયણ સહ જણાવવાનુ કે અમારા માતૃશ્રી હાલે વલસાડ, (પ્રભાત સો મિલ વાળા) તા.૨૯/૦૩/૨૦૨૧ ના ૦૪:૦૦ કલાકે અક્ષરનિવાસી થયેલ છે. નિવાસ સ્થાન: ખીમચંદ હાઈસ્કૂલ ની સામે, બંદર રોડ, વલસાડ. વર્તમાન સમય ને ધ્યાન માં રાખીને સ્મશાન યાત્રા પરિવાર ના સભ્યો અને મર્યાદિત સંખ્યા માં સંપન્ન કરેલ છે. લૌકિક રિવાજ વર્તમાન સંજોગો ને ધ્યાન મા લઇને બંધ રાખેલ છે

બેસણું:-કોરોના ની મહામારી ને લીધે લૌકિક વ્યવહાર બિલકુલ બંધ છે

પુત્રો :- હરિભાઈ માવજીભાઈ,વિક્રમભાઈ માવજીભાઈ સાંખલા. પૌત્ર :-બિમલ હરિભાઈ

ફાર્મ :- પ્રભાત સો મિલ હનુમાનભાગડા,વલસાડ

મો:- ૯૪૨૬૮૭૨૧૨૪, ૯૪૨૮૭૫૯૪૬૪